

કમલમ્ ન્યુઝ,

લોકશાહીના અવસર સમી ચૂંટણી ગુજરાતના આંગણે આવી છે. લોકશાહીના મુખ્ય આધારસ્તંભ મતદારો પોતાની નૈતિક ફરજ સમજી મતદાન કરે અને મતદાન કરવું કેમ જરૂરી છે, તેની જાગૃત્તિ આવે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે 'અવસર લોકશાહીનો' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તંદુરસ્ત લોકશાહી માટે મતદાનની આવશ્યકતા અને અનિવાર્યતા દર્શાવવા માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન વધારવાના ઉમદા આશયથી સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત મંગળવારે ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં મતદાન જાગૃત્તિના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા માનવ સાંકળ રચીને 'વોટ' શબ્દ રચીને મતદાનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

## વર્ષ ૨૦૧૯માં બાઇક પર જઇ રહેલા યુવકને ડમ્પર ચાલકે અડફેટે લેતા મોત નીપજ્યું

# અમદાવાદમાં મૃત્યુ પામેલા પુત્રના પિતાને ચુકવણી કરવાનો વીમા કંપનીને કોર્ટનો આદેશ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

ઈસનપુરમાં વર્ષ ૨૦૧૯માં બાઈક પર જઈ રહેલા યુવકને કોર્પોરેશનના ડમ્પર ચાલકે અડફેટે લેતા માથું ફાટી જવાથી મોત નીપજ્યું હતું. જે કેસમાં લોક અદાલતના માધ્યમથી વીમા કંપની મૃતક ૨૭ વર્ષીય યુવકના ૬૨ વર્ષીય પિતાને રૂ.૪૦ લાખ ચુકવવા સહમત થયું છે. આ રકમ ૩ મહિનામાં ચૂકવી આપવામાં આવશે. સિનિયર એડવોકેટ હરેન્દ્ર સેજપાલ જણાવ્યું હતુંકે, ૬૨ વર્ષીય સિનિયર સિટીઝન મુરલીધરના ૨૭ વર્ષીય પુત્ર હિતેશે બી.કોમ, એલ.એલ.બી અને કંપની સેક્રેટરીનો કોર્સ કર્યો હતો. અને ખાનગી કંપનીમાં રૂ.૪૦ હજારથી વધુના પગાર મેળવી નોકરી કરતો હતો. ૧૮ માર્ચ ૨૦૧૯ના સવારે હિતેશ પોતાના ઘરેથી બાઈક લઈને ઈસનપુર ચાર રસ્તાથી ઘોડાસર ચાર રસ્તા તરફ જવાના સર્વિસ રોડ ઉપરથી જતો હતો. તે વખતે કોર્પોરેશનના ડમ્પરના ચાલકે હિતેશના બાઈકને ટક્કર મારી હતી. જેમાં પૈડાં નીચે હિતેશનું માથું કચડાઈ જતાં તેનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. આ બનાવ અંગે જે. ડિવિઝનના ટ્રાફિક પોલીસ સ્ટેશનના અધિકારીએ ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ



હાથ ધરી હતી. આ કેસમાં મૃતકના પિતા તરફથી રૂ.૮૦ લાખના વળતર અંગે કેસ પણ કર્યો હતો. આ કેસ અમદાવાદ ગ્રામ્ય જિલ્લા કોર્ટમાં ચાલવા પર આવતા કોર્ટના જજે મૃતકના પિતા અને વીમા કંપનીને કેસનું સમાધાન કરી યોગ્ય વળતર આપવા માટે ભલામણ કરી હતી. આથી મૃતકના પિતા મુરલીધર અને વીમા કંપની રૂ.૪૦ લાખમાં સહમત થતા કોર્ટે ૩ મહિનામાં મૃતકના પિતાને રૂ.૪૦ લાખ વળતર પેટે ચૂકવવા વીમા કંપનીને આદેશ કર્યો હતો. આ કેસની કાનૂની કાર્યવાહી દરમિયાન ફરિયાદીના એડવોકેટે દલીલો કરી હતી કે, એકનો એક પુત્ર હતો. ખાનગી કંપનીમાં માસિક રૂ.૩૫ હજાર પગારથી નોકરી કરતો હતો. તેના પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતાં. જો આ અકસ્માત ના થયો હોત તો તે મહિને રૂ.૭૦ હજારથી વધુ પગાર ભવિષ્યમાં કમાવી શકત. વૃદ્ધાવસ્થામાં એકનો એક દીકરો વાહન અકસ્માતમાં ગુમાવ્યો છે. આથી તેમના જીવનનિર્વાહ માટે કોઈ સાધન નથી. અને તેમની ૪ દીકરીઓ પરણાવેલી હોઈ તેઓ તેમની સાસરીમાં છે. આથી તેમના જીવનનિર્વાહ માટે યોગ્ય વળતર આપવું જોઈએ.

## શહેર ભાજપ સાંસ્કૃતિક સેલ દ્વારા અગ્રેસર ગુજરાત અભિયાન અંતર્ગત કલાક્ષેત્ર સાથે સંકળાયેલ કલાકાર મિત્રોના સૂચન મેળવવા માટે કલાકાર મિલન કાર્યક્રમ યોજાયો.



કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૧૩ નવેમ્બર ૨૦૨૨ના રોજ પ્રદેશ ભાજપના સંકલ્પપત્ર માટે અભિપ્રાય મેળવવા માટે ચાલી રહેલ અગ્રેસર ગુજરાત અભિયાનના ભાગરૂપે મહાનગર સાંસ્કૃતિક સેલ દ્વારા શહેર પ્રમુખશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ શ્રી કમલમ, સે. ૨૧ ખાતે કલાક્ષેત્ર સાથે સંકળાયેલ કલાકાર મિત્રોના સૂચન મેળવવા માટેના કલાકાર મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રદેશ ભાજપ સાંસ્કૃતિક સેલ સંયોજકશ્રી બિહારીભાઈ હેમુભાઈ ગઢવી, સહ સંયોજકશ્રી જનક ઠક્કર, શ્રી મહર્ષિ દેસાઈ, શ્રી મયુરભાઈ ચૌહાણ, મહાનગર સંયોજક વિનોદ ઉદેચા, સહસંયોજક ભીખુદાન ગઢવી, મિતલલભાઈ શર્મા ઉપરાંત કલાક્ષેત્ર સાથે જોડાયેલા કલાકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને અગ્રેસર ગુજરાત ડ્રોપબોક્ષમાં પોતાના અભિપ્રાય જણાવી પ્રધાન મંત્રી રાજ્યમાં ફરી એક વખત જનતાના આશીર્વાદથી ભાજપા સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## રાજય ચૂંટણી કમિશનર સી.ઈ.ઓ. દ્વારા રાજયના ચૂંટણી અધિકારી તથા ખર્ચના ઓબ્ઝર્વર અને નોડલ અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજી ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરાઈ



કમલમ્ ન્યુઝ,હિમતનગર

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ નો કાર્યક્રમ જાહેર થતા પ્રથમ અને બીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયાઓની તૈયારીઓ અને કરવામાં આવેલી કામગીરીનું ચીફ ઈલેક્શન ઓફિસર સી.ઈ.ઓ. ગાંધીનગર દ્વારા આજે જિલ્લાના ચૂંટણી અધિકારીઓ ખર્ચના ઓબ્ઝર્વર અને જિલ્લાના નોડલ અધિકારીઓ સાથે મુરલીકુમાર દ્વારા પી. ભારતી મુખ્ય નિર્વાચન અધિકારીની ઉપસ્થિતિમાં ચૂંટણી અંગેની તૈયારીઓ અને કામગીરીની સમીક્ષા વિડીયો કોન્ફરન્સ દ્વારા કરવામાં આવી હતી. પ્રથમ કચ્છ જિલ્લાની વિધાનસભા મતવિસ્તારથી સમીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં સર્વેલન્સ ટીમો, એફ. એસ.ટી, સી-વીજીલ કમ્પલેન એમ.સી.સી. તથા કેસ ટ્રાન્જેકશન અને ખર્ચ ઉપર નિગરાની રાખતા નોડલ અધિકારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીનો રિવ્યુ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા મત વિસ્તારમાં ચૂંટણી અધિકારી શ્રી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં કેન્દ્ર દ્વારા મૂકવામાં આવેલા પ્રાંતિજ - હિંમતનગરના ખર્ચ ઓબ્ઝર્વર શ્રી વિનીત કુમાર તથા ખેડબ્રહ્મા ઈડરના ખર્ચ ઓબ્ઝર્વર શ્રી મુનિશ રાજાની અને ખર્ચના નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ શાહ, જિલ્લા પોલીસ વડા શ્રી વિશાલ વાઘેલા, નાયબ ચૂંટણી અધિકારી સુશ્રી દિપ્તીબેન પ્રજાપતિ અને જિલ્લામાં નિયુકત કરાયેલા નોડલ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લામાં કરવામાં આવેલી કામગીરી અને ખેડબ્રહ્મા સંવેદનશીલ મત વિભાગ અને રાજસ્થાન બોર્ડર વિસ્તારને સ્પર્શતો વિસ્તાર અંગે નાકાબંધી અને ચેકપોસ્ટ તથા પેટ્રોલિંગ અને કાયદો વ્યવસ્થા અંગે માહિતી આપી હતી. સી.સી.ટી.વી. સર્વેલેન્સ લીકર, રેડ, અને જી.પી.આર.એસ. ટ્રેકિંગ સ્ટેટેસ્ટિક સર્વેલેન્સ સી.વીજીલ દ્વારા કમ્પલેન ફરિયાદનું નિરાકરણ રિપોર્ટિંગ અંગે સમગ્રતયા ચૂંટણીલક્ષી તૈયારીઓ અને કામગીરી અંગેનો ચિતાર આપ્યો હતો.

# વડોદરાની ડભોઈ વિધાનસભા બેઠક પર શૈલેષ મહેતાએ ઉમેદવારી ફોર્મ ભર્યું

## ડભોઇ વિધાનસભા બેઠક પર ભાજપે શૈલેષ મહેતાને રિપીટ કર્યા





કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને લઈને આજે બીજા તબક્કા માટે ફોર્મ ભરાય રહ્યા છે. સત્તા પક્ષ ભાજપ આજે પોતાની ઉમેદવારી નોંધાવી રહ્યા છે. વડોદરાની વાત કરીઓ તો ડભોઈ વિધાનસભા બેઠક પર ભાજપે શૈલેષ મહેતાને ટિકીટ આપી છે. આ બેઠક પર શૈલેષ મહેતાની રિપીટ કરવામાં આવ્યા છે. ત્યારે આજે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે શૈલેષ મહેતા ઉમેદવારી ફોર્મ ભરવા માટે પહોંચ્યા હતા. આજે ડભોઈ વિધાનસભા બેઠક પર ઉમેદવારી ફોર્મ ભરવા માટે શૈલેષ મહેતા મોટી સંખ્યામાં સમર્થકો સાથે રેલી કાઢી ફોર્મ ભરવા પહોંચ્યા હતા. ફોર્મ ભર્યા બાદ તેમણે મીડીયા સાથે વાત કરતા જણાવ્યું હતુ કે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે માતાના આર્શીવાદ લઈને આજે ફોર્મ ભર્યુ છે.જંગી બહુમતીથી જીતવાનો આશાવાદ છે.આજે રેલી યોજાઈ હતી તેમાં ભારતીય જનતા પાર્ટીના અનેક નેતાઓ જોડાયા હતા. જેવી રીતે રેલીને સમર્થન મળ્યુ છે તેવુ જ પરિણામ ૮ તારીખે દેખાશે. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરાના ડભોઈ વિધાનસભા બેઠક પર શૈલેષ મહેતાને રિપીટ કરવામાં આવ્યા છે. ભાજપે ઉમેદવાર તરીકે ફરી શૈલેષ મહેતાની પસંદગી કરી છે. આ પહેલા શૈલેષ મહેતાએ જણાવ્યું હતુ કે કુબેર દાદાના આર્શીવાદ સાથે જ ભારતીય જનતા પાર્ટીએ મારા પર વિશ્વાસ રાખીને ટિકીટ આપી છે. તે બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિત તમામ હોદ્દેદારોનો ખાસ આભાર માનું છુ. ફરી વખત મારા પર વિશ્વાસ મૂક્યો છે તેને હુ પરિપૂર્ણ કરીશ. ડભોઈનો ઈતિહાસ બદલીશ અને જંગી બહુમતીથી આ વખતે ડભોઈની સીટ જીતીશ.



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

૧૧૨ આણંદ વિધાનસભાના ઉમેદવાર શ્રી યોગેશભાઈ પટેલએ આજ રોજ અંબાજી મંદિરે માતાજીના દર્શન કરી વિશાળ રેલી સ્વરૂપે શહેરના જુદા જુદા વિસ્તારમાં ફરી માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ચૂંટણી અધિકારી સમક્ષ પોતાની ઉમેદવારી નોંધાવી આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા કાર્યકારી પ્રમુખ શ્રી મયુરભાઈ સુથાર, પૂર્વ સાંસદશ્રી દીપકભાઈ પટેલ, આણંદ પાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

સાંસદશ્રી મિતેષભાઈ પટેલના વરદ હસ્તે ૧૦૮ ખંભાત વિધાનસભાના ભાજપના ઉમેદવાર શ્રી મહેશભાઈ રાવલના મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો સાંસદશ્રીની સાથે ખંભાત વિધાનસભાના ઉમેદવાર શ્રી મહેશભાઈ રાવલ, જિલ્લા કાર્યકરી પ્રમુખ શ્રી મયુરભાઈ સુથાર, પૂર્વ ધારાસભ્ય શ્રી સંજયભાઈ પટેલ, ખંભાત તાલુકા પ્રમુખશ્રી, ખંભાત નગરપાલિકાના પ્રમુખશ્રી, સંત-મહંતશ્રીઓ, કાર્યકરશ્રીઓ સહિત મોટી સંખ્યમાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા અંગે યુવા મતદારો સાથે યોજાયો સંવાદ અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ

## મજબૂત લોકતંત્રના પાયામાં પ્રત્યેક મત છે મહત્વનો, માટે મતદાન અવશ્ય કરીએઃ અધિક ચૂંટણી અધિકારી, અમદાવાદ









કમલમ્ ન્યુઝ,

ગુજરાતના આંગણે લોકશાહીનો અવસર આવ્યો છે અને તે આપણે સૌએ સાથે મળીને ઉજવવાનો છે.લોકતંત્રમાં મતદારથી મોટું કોઈ નથી અને મજબૂત લોકતંત્રના પાયામાં એક એક મત મહત્વનો છે માટે પ્રત્યેક મતદાર તેના મતનો ઉપયોગ અવશ્ય કરે અને મતદાનઅચૂકકરે.અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવા સંવાદ કાર્યક્રમને સંબોધતા અમદાવાદના અધિક ચૂંટણી અધિકારી ડૉ.સી.પી.પટેલે આ વાત કરી હતી. મતદાર જાગૃતિ અભિયાનઅંતર્ગતભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગુજરાત યુનિવર્સિટી ખાતે પાંચ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનાં ભાગરૂપે યુવા મતદારોને દેશની ચૂંટણી પ્રક્રિયા અંગે જાણકારી પ્રાપ્ત થાય તેમજ લોકશાહીમાં મતદાર અને મતના મૂલ્ય વિશે સમજ સાથે ઉચિત માર્ગદર્શન આપવાના હેતુથી યુનિવર્સિટીનાં ઝૂઓલોજી સેમીનાર હોલ ખાતે યુવા સંવાદ અને પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના ગુજરાતના એડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રી પ્રકાશ મગદુમે યુવાનોને ચૂંટણી પંચ દ્વારા દેશમાં યોજાતી વિભિન્ન ચૂંટણીઓ અંગે અને તેની પ્રક્રિયા અંગે સમજ સાથે જાણકારી પૂરી પાડી હતી. સાથે જ શ્રી મગદુમે ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને ચૂંટણી પંચ દ્વારા કરાતી કામગીરી અને જનજાગૃતિતાના વિભિન્ન કાર્યક્રમો અંગે માહિતી પૂરી પાડી હતી. વધુમાં દેશના યુવાનો લોકતંત્રને જાણે સમજે અને તેના મૂલ્યવાન મતનો ઉપયોગ અવશ્ય કરે તે ખૂબ જરૂરી હોવાનું શ્રી મગદુમે યુવાનોને જણાવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટર ડૉ. પી.એમ.પટેલે વિશ્વના સૌથી મોટા લોકતંત્રનો આપણે સૌ એક ભાગ છીએ તેનો ગર્વ હોવાનું જણાવી પ્રત્યેક યુવાને અવશ્ય મતદાન કરવુ જોઈએ અને અન્ય મતદારોને પણ અચૂકથી મતદાન કરવા પ્રેરણા આપવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન નાટકના માધ્યમથી મતદાન જાગૃતિ નો સંદેશ આપવામાં આવ્યો હતો સાથે જ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતા થયેલા યુવા મતદારોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મતદાન જાગૃતિના સંદેશ સાથેની બેગનું વિમોચન અને વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ યુવા મતદારોને અચૂક મતદાન કરવાના શપથ લેવામાંઆવ્યાહતા.કાર્યક્રમમાજિલ્લાશિક્ષણાધિકારી આર.એમ. ચૌધરી, કેન્દ્રીય સંચાર બ્યુરોના એકાઉન્ટઑફિસરરાજીવકુમારઝા,ફિલ્ડએક્ઝિબિશન ઑફિસર સુમનબેન મછાર, પ્રદર્શન સહાયક જીતેન્દ્ર યાદવ, સહિત યુનિવર્સિટીના વિભિન્ન વિભાગના અધિકારી-કર્મચારીગણ તેમજ કોલેજના યુવા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેન્દ્રીય સંચાર બ્યુરોના અધિકારી દેવેન્દ્ર ત્રિવેદી અને ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ ડો.યોગેશ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028